| GJPM010008222026 | અરજી દાખલ તારીખ | ૦૩–૦૩– ૨૦૨૬ |
|---|---|---|
| | અરજી રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૦૩–૦૩– ૨૦૨૬ |
| | અરજી ફેસલ તારીખ | ૦૬–૦૩–૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૨ |

---

પંચમહાલ જીલ્લાના મહેરબાન ચોથા એડીશ્નલ સેસન્સ કોર્ટના ન્યાયાધિશશ્રી સમક્ષ, મુ.ગોધરા.

---

ફો.પ.અરજી નં. ૨૬૩/૨૦૨૬

આંક:

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ જોગાભાઇ ભરવાડ | ૩૧ | ખેતી | ગામ:કબીરપુર, તા.ગોધરા. જી.પંચમહાલ. |

**વિરુધ્ધ**

| સામાવાળા | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ૧. ધી સ્ટેટ 0 ઓફ ગુજરાત | | | ગાંધીનગર |

બી.એન.એસ.ની કલમ ૪૮૩(૧)(ખ)મુજબ જામીનની શરતને દિન–૫ માટે અસરથી ડીલીટ કરવા માટેની અરજી

અરજદાર તરફે વિ.વકીલશ્રી એસ.એસ.ચરખા

સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોર

ચુ કા દો

**૧.**આ કામના અરજદાર/આરોપીએ હાલની આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩(૧)(ખ) અન્વયે અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૧૮/૨૬ ની જામીન અરજીમાં કરેલ હુકમમાં ફરમાવેલ શરત નં.૩ ને દિન–૫ માટે મોકુફ (ડીલીટ )

કરવા માટે દાખલ કરેલ છે.

**૨.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ નદીસર ગ્રામ પંચાયતના સ.નં.૧૯૮ થી ૨૨૭ સુધીમાં તથા સ.નં.૧૯૮ થી ૨૦૧,૨૧૫,૨૧૬,૨૧૮,૨૧૯, ૨૨૩થી ૨૨૭ સર્વે નંબરમાંથી કુલ ૧,૮૯,૦૦૩.૪૨ મે.ટન સાદી માટી/રેતી/મોરમ જેની કિંમત રૂ.૩,૩૦,૭૫,૫૯૮.૫ તેમજ પર્યાવરણીય નુકશાન પેટે રૂ.૧,૩૫,૬૦,૯૯૫.૩૮ મળી કુલ કિંમત રૂ.૪,૬૬,૩૬,૫૯૩.૮૮ નું સાદી માટી/રેતી/મોરમ ખનીજનું બિનઅધિકૃત ખાણકામ કરી સરકારી જમીનમાંથી ખનન કરી સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડી તેમજ કુલ રૂ.૧,૮૯,૦૦૩.૪૨ મે.સાદી માટી/રેતી/મોરમ જેની કિંમત રૂ.૩,૩૦,૭૫,૫૯૮.૫ ની ચોરી કરી ગુનો કરેલો.

**૩.**આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ જે અન્વયે સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોર હાજર થયેલા છે.આ કામે તપાસ કરનાર અધિકારીએ અરજીની વિરૂધ્ધમાં આંક-૪થી અભીપ્રાય/સોગંદનામું રજુ કરેલું છે.

**૪.**આ કામના અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીએ તેમની દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારના કાકા તથા ફોઇના લગ્ન હોય અને તેઓ કુટુંબના સૌથી મોટા દિકરા હોય તેમના લગ્નમાં હાજરીની જરૂરીયાત હોય લગ્નપ્રસંગમાં હાજર રહેવા માટે તા.૫ થી ૯ તારીખ સુધી આ શરત રદ કરવા અરજ કરેલ છે. તેમની વધુમાં દલીલ એવી છે કે, જે બે વ્યકિતના લગ્ન થવાના છે તે વ્યકિતઓ અરજદાર/આરોપીના કુટુંબના વ્યકિત છે અને તેથી અરજદાર/આરોપીનું નામ કંકોત્રીમાં લખાયેલું છે. આ સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી મંજુર કરવા વિનંતી છે.

**૫.** વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોરએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવેલ ત્યારબાદ બીજા જ

દિવસે અરજદાર/આરોપીએ આ શરત રદ કરવા માટે અરજી કરેલી જે અરજી નામદાર કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવતાં તેમણે ફરીથી આ શરત રદ કરવા અરજ કરેલી છે. આમ, અરજદાર/આરોપીએ યેનકેન પ્રકારે આ શરત રદ કરાવવા માટે પ્રયત્ન કરી રહેલા છે અને અરજદાર/ આરોપીની આ અરજી ખર્ચસહીત રદ કરવી જોઇએ.

**૬.** ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતાં તથા ત.ક.અધિકારીનું આંક-૪ નું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો અરજદાર/આરોપી સામે હાલ બી.એન.એસ એસ.ની કલમ-૩૨૪(૩),૩૦૩(૨),૫૪ તથા ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન), અધિનિયમ ૧૯૫૭ની કલમ-૪(૧-એ), ૨૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધાયેલ છે અને તે ગુનામાં અત્રેની અદાલત ધ્વારા ક્રિ.પ.અરજી નં.૧૧૮/૨૦૨૬ ના કામે થયેલ હુકમને આધિન અરજદાર/આરોપી હાલ જામીન મુકત હોવાનું જણાય આવે છે. ક્રિ.પ.અરજી નં.૧૧૮/૨૦૨૬ ના હુકમની શરત નં.૩ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>શરત નં.૩</u>** : અરજદાર/આરોપીએ આ કેસના આખરી નિકાલ સુધી પંચમહાલ, મહીસાગર, ખેડા અને વડોદરા જીલ્લાની હદમાં આ કેસની કાર્યવાહીમાં હાજર રહેવા માટે જરૂર હોય અથવા તપાસના કામે હાજર રહેવા જણાવવામાં આવેલ હોય તે સીવાય પ્રવેશ કરવો નહિ.

અરજદાર/આરોપીએ તેમની અરજી સાથે કંકોત્રી રજૂ કરેલ છે અને તે કંકોત્રી જોતાં અરજદાર/આરોપીનું કુટુંબના વ્યકિતમાં નામ લખાયેલું છે અને તે રીતે જ વ્યકિતઓના લગ્ન થવાના છે તે અરજદારના કુટુંબી હોય તેમ જણાય છે. આ કંકોત્રી વંચાણે લેતાં તા.૭ અને ૮ ના રોજ લગ્ન રાખવામાં આવેલ છે. તા.૯ ના રોજ કોઇ પ્રસંગ રહેલો નથી તેમજ તા.૬ ના રોજ કોઈ મહત્વનો પ્રસંગ રહેલો હોય તેમ જણાતું નથી. તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ સોગંદનામું જોતાં અને તેમણે રજૂ કરેલ નિવેદનો જોતાં અરજદાર/આરોપીના કુટુંબી કાકા તથા ફોઇના લગ્ન હોવાનું જણાય છે.આમ, અરજદાર/આરોપીના કુટુંબી

વ્યક્તિઓના લગ્ન હોય તે પૂરતી આ લગ્નમાં હાજરી આપવા પરવાનગી આપવાનું ઉચિત જણાય છે.અરજદાર/આરોપી ક્રિ.પ.અ.નં. ૧૧૮/૨૬ ના કામે ફરમાવવામાં આવેલ શરત નં.૩ તા.૫/૩/૨૬ થી તા.૯/૩/૨૬ સુધી રદ કરવા અરજી કરેલ છે પરંતુ તા.૫ પસાર થઇ ગયેલ હોય અને તા.૬ અને ૯ ના રોજ કોઇ ખાસ પ્રસંગો ન હોય તા.૭ અને ૮ ના પ્રસંગોમાં અરજદાર/આરોપીને હાજર રહેવા માટે પંચમહાલ જીલ્લાની હદમાં પ્રવેશ કરવા પરવાનગી આપવાનું ઉચિત જણાય છે. અરજદાર/આરોપીને લગ્નમાં હાજરી આપવા માંગતા હોય તે સંજોગોમાં ક્રિ.પ.અ.નં.૧૧૮/૨૬ના કામે ફરમાવવામાં આવેલ શરત નં.૩ સંપુર્ણપણે રદ કરવી જરૂરી જણાતી નથી અને માત્ર અરજદાર આરોપીને લગ્ન પ્રસંગમાં હાજરી આપવા પૂરતી પંચમહાલ જીલ્લામાં પ્રવેશ કરવા પરવાનગી આપવાનું ઉચીત જણાય છે. અરજદાર/આરોપી તરફે રજૂ થયેલ કંકોત્રી જોતાં લગ્નપ્રસંગ નવાધરા,પો.રતનપુર(કાં), તા.ગોધરા તથા હાલોલ મુકામે રાખવામાં આવેલ હોવાનું જણાય છે અને તેથી અરજદાર/આરોપીને આ બે સ્થળોએ જવા પરવાનગી આપવામાં આવે તો તેમની જરૂરીયાત પૂરી થાય તેમ છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**૧.** અરજદાર/આરોપી રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ જોગવાભાઇ ભરવાડ, કબીરપુર, તા.ગોધરા, જી.પંચમહાલ હાલ રહે. બોટાદની હાલની આ અરજી કાંકણપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૭૦૭૮૨૫૦૪૮૮/૨૦૨૫, બી.એન.એસ.એસ.ની કલમ-૩૨૪(૩), ૩૦૩(૨), ૫૪ તથા ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન), અધિનિયમ ૧૯૫૭ની કલમ-૪(૧-એ), ૨૧ મુજબના કામે શરતોને આધિન અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીને તા.૭/૩/૨૬ અને તા. ૮/૩/૨૬ ના રોજ પંચમહાલ જીલ્લામાં નીચેની શરતોને આધિન પ્રવેશ કરવા

પરવાનગી આપવામાં આવે છે.

**શ ર તો :**

૧. અરજદાર/આરોપીએ નવાધરા, પો.રતનપુર(કાં), તા.ગોધરા તથા હાલોલ મુકામે લગ્નમાં હાજર રહેવા ત્યાં જવા પરવાનગી આપવામાં આવે છે તે સીવાય અરજદાર/આરોપીએ અન્ય કોઇ સ્થળે જવું નહિ.

૨. સાહેદોને ધાકધમકી આપવી નહિ કે સાહેદોને ફોડવાના પ્રયત્નો કરવા નહિ.

હુકમ આજરોજ તા.છઠ્ઠી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬

**( રાકેશ જે. પટેલ )**
ચોથા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UIC No.GJ00833

* SST